શું આપની ટાંકી ઉભરાય છે?
શું આપની ટાંકી ખાલી થઈ જાય છે?




ઓટોમેટીક સ્વીચ લગાવો જે મોટર ને ઓટોમેટીક ચાલુ-બંધ કરે છે.

અમર ઈલેકટ્રોનીક કન્ટ્રોલ્સ

૫, દરીયા મહેલ એપાર્ટમેન્ટ, સુરત મહાનગરપાલિકા સામે, મુગલીસરા,સુરત.
ફોન : 2429322 મો : 9824059872



# ગુજરાતમિત્ર

તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રી: મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા



પંચકર્મ - અગ્નિકર્મ - વેધનકર્મ - મર્મ:રૂહ - (પીડન) ચિકિત્સા
સંધિવાત - પેરાલીસીસ - કેન્સર - ડાયાબીટીસ - કિડનીના રોગો
વૈદ્યરત્નમ્ સંદિપ પટેલ || આયુર્વેદા વૈદ્ય શાલા ||

નિરામય આયુર્વેદિક હોસ્પિટલ®
www.niramayayurveda.com
રી-સર્ચ ફોર આયુર્વેદા

ઘૂંટણનો દુ:ખાવો



ઘૂંટણ ના ઘસારા
Osteoarthritis

- DTRT
- ઉપનાહ સ્વેદન
- લેપન
- વેદ્યાગ્નિકર્મ
- પંચકર્મ
- EKLપંચકર્મ
- પટ્ટબંધન
- અગ્નિકર્મ
- ક્ષારકર્મ
- વેધનકર્મ (વિદ્ધકર્મ)

ઘૂંટણ, મણકાની ગાદી કે દબાયેલી નસોના ઓપરેશન પહેલા અચૂક મળો

સુરત: 'પ્રતિક હાઉસ', ૧/૯૩૪, અડાગરા સ્ટ્રીટ, અથુગરા સ્ટ્રીટ રોડ, ખુરશેદ બેકરી સામે, નાનપુરા, સુરત. Ph. : (0261) 2470875, Mo. : 75748 61856
ભરૂચ: એ/૨૨, અમરદીપ કોમ્પલેક્ષ, ફલશ્રુતિનગર, એસ.ટી.ડેપો પાસે, ભરૂચ. Mo. : 75748 61866
બારડોલી: અસ્તાન જીન કમ્પાઉન્ડ, સુગર ફેક્ટરી-અસ્તાન રોડ, બારડોલી. Mo. : 75748 61853



માલિક: ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાન: ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ | e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગ: ૨૫૯૯૯૯૧, ફેક્સ: ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગ: ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષ: ૧૬૪ * * * સંવત ૨૦૮૨ આસો સુદ ચોથ બુધવાર ૧૪ ઓક્ટોબર, ૨૦૨૬ * * * દૈનિક : ૮૯ - અંક : 300

પાનાં ૧૦+૧૬ કિંમત ₹ ૫.૦૦


# રૂ. ૨,૦૦૦ની ઉપરના UPI વ્યવહારો પર ચાર્જ હાલ સ્થગિત

**૧૫** ઓક્ટોબરથી રૂ. ૨૦૦૦થી વધુના પર્સન-ટુ-મર્ચન્ટ ચુકવણીઓ પર ૦.૪ ટકા MDR લેવાનો નિર્ણય હતો, તહેવારોને ધ્યાનમાં લઇ મોકૂફ રખાયો

**આના** અમલીકરણની નવી તારીખ દિવાળી પછી જાહેર કરવામાં આવશે

**નવી દિલ્હી, તા. ૧૩(PTI):** UPI યુઝર્સ માટે એક મોટા રાહતના સમાચાર છે, કારણ કે ૨,૦૦૦ રૂપિયાથી વધુના વ્યવહારો પર ૦.૪ ટકાનો મર્ચન્ટ ડિસ્કાઉન્ટ રેટ વસૂલવાનો નિર્ણય હાલ મોકૂફ રાખવામાં આવ્યો છે. નેશનલ પેમેન્ટ્સ કોર્પોરેશન ઓફ ઇન્ડિયાએ મંગળવારે જણાવ્યું હતું કે આના અમલીકરણ માટેની નવી તારીખ દીવાળી પછી નક્કી કરવામાં આવશે.

નેશનલ પેમેન્ટ્સ કોર્પોરેશન ઓફ ઇન્ડિયા દ્વારા ગયા મહિને બહાર પાડવામાં આવેલા સર્ક્યુલર મુજબ, ૧૫ ઓક્ટોબરથી ૨,૦૦૦ રૂપિયાથી વધુના પર્સન-ટુ-મર્ચન્ટ (P2M) UPI પેમેન્ટ્સ પર ૦.૪ ટકા MDR વસૂલવામાં આવનાર હતો. NPCIએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે, 'UPI અને સર્વિસીઝ સ્ટીયરિંગ કમિટીએ આજે નિર્ણય કર્યો છે કે તહેવારોના સમયને ધ્યાનમાં રાખીને, ચોક્કસ પર્સન-ટુ-મર્ચન્ટ(P2M) UPI વ્યવહારો પર મર્ચન્ટ ડિસ્કાઉન્ટ રેટ(MDR) દીવાળી પછી તરત જ અલગથી જાહેર કરવામાં આવનાર તારીખે લાગુ કરવામાં આવશે.' MDR વેપારીઓએ ચૂકવવાનો રહેશે, ગ્રાહકોએ નહીં, અને ૭૫,૦૦૦ રૂપિયા કે તેથી વધુના વ્યવહારો માટે તે ૩૦૦ રૂપિયા સુધી

...અનુસંધાન પાના 5 પર

## દિલ્હીમાં જંતર મંતર પર હંગામો: 'સીજેપી'ના નેતાઓની અટકાયત

**ભારે** બેરિકેડિંગ છતાં કાર્યકરોએ તિરંગો ફરકાવ્યો અને 'ભારત માતા કી જય'ના નારા લગાવ્યા; સીઈસીના રાજીનામાની માગ દોહરાવી









**નવી દિલ્હી, તા. 13 (પીટીઆઇ):** જંતર મંતર ખાતે કડક સુરક્ષા બંદોબસ્ત અને ભારે બેરિકેડિંગ હોવા છતાં ત્યાં પહોંચેલા 'કોકરોચ જનતા પાર્ટી' (સીજેપી)ના નેતાઓ સૌરવ દાસ અને આશુતોષ રાંકાની દિલ્હી પોલીસે મંગળવારે અટકાયત કરી હતી.

સીજેપીના સ્થાપક અભિજીત દીપકે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'એક્સ' પર આ અંગે વિગતો આપતા જણાવ્યું હતું કે અજિંક્ય શિંદે સહિતના અન્ય ટીમ સભ્યોની પણ પોલીસે અટકાયત કરી લીધી છે. તેમણે એક વીડિયો પણ શેર કર્યો હતો જેમાં સીજેપી સભ્યો ગેટ કૂદીને જંતર મંતરમાં પ્રવેશતા અને 'ભારત માતા કી જય', 'ઇન્કલાબ ઝિંદાબાદ' તથા 'જય ભીમ'ના નારા લગાવતા દેખાય છે. ત્યારબાદ પોલીસ કર્મચારીઓ તુરંત જ તેમની અટકાયત કરવા દોડી આવ્યા હતા. વડા પ્રધાન નરેન્દ્ર મોદીને ટેગ કરતાં દીપકેએ લખ્યું હતું કે, 'તમે નાગરિકોના વિરોધ પ્રદર્શનને ડી-નોટિફાય

...અનુસંધાન પાના 5 પર

### સીજેપીના દીપકે, રાંકા અને દાસ સામે એફઆઈઆર

**નવી દિલ્હી, તા. 13 (પીટીઆઇ):** જંતર મંતર વિસ્તારમાં બિનઅધિકૃત રીતે પ્રવેશ કરવા બદલ દિલ્હી પોલીસે મંગળવારે 'કોકરોચ જનતા પાર્ટી' (સીજેપી)ના સ્થાપક અભિજીત દીપકે, સૌરવ દાસ અને આશુતોષ રાંકા સહિતના અન્ય સભ્યો સામે એફઆઈઆર નોંધી છે. પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર, અગાઉ આ નેતાઓ દ્વારા સહી કરવામાં આવેલા શાંતિ કરાર (પીસ બોન્ડ)ના ભંગ બદલની કલમોનો પણ આ એફઆઈઆરમાં સમાવેશ કરવામાં આવ્યો છે. તાજેતરમાં દિલ્હી પોલીસે જંતર મંતરને વિરોધ પ્રદર્શન સ્થળ તરીકે ડી-નોટિફાય કર્યું હતું અને તેના બદલે રામલીલા મેદાન, બુરાડી ગ્રાઉન્ડ અને સીબીડી ગ્રાઉન્ડને નવા સ્થળો તરીકે જાહેર કર્યા હતા. તેમ છતાં, મંગળવારે વહેલી સવારે સીજેપીના કાર્યકર્તાઓએ કડક સુરક્ષા બંદોબસ્ત વચ્ચે જંતર મંતરમાં પ્રવેશીને મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારના રાજીનામાની માગ સાથે નારાબાજી કરી હતી. પોલીસે આશરે 11 કાર્યકરોની અટકાયત કરીને દ્વારકા જિલ્લાના જાફરપુર

...અનુસંધાન પાના 5 પર

### બંધારણ મુજબ નાગરિકોને શાંતિપૂર્ણ રીતે ભેગા થવાનો અધિકાર: સીજેપી

સીજેપીના સૌરવ દાસે ગૃહ મંત્રાલયના નિયંત્રણો સામે સવાલ ઉઠાવતા અને બંધારણની નકલ દર્શાવતા કહ્યું હતું કે બંધારણ આપણી સાથે છે. આપણું જંતર મંતર પાછું લઈ લેવાવાળું ગૃહ મંત્રાલય કોણ છે?' સીજેપીના રાષ્ટ્રીય પ્રવક્તા મહેર પસરીચાએ

...અનુસંધાન પાના 5 પર



## પાકિસ્તાનમાં રહેમાન બાબા એક્સપ્રેસ પાટા પરથી ઊતરી: 6નાં મોત, 30ને ઈજા

**કરાચીથી** પેશાવર જતી ટ્રેનના 14 ડબ્બા પાટા પરથી ઊતરી ગયા

**લાહોર, તા. 13 (PTI)** પાકિસ્તાનના પંજાબ પ્રાંતમાં મંગળવારે પેશાવર જતી એક પેસેન્જર ટ્રેન પાટા પરથી ઊતરી જતાં ઓછામાં ઓછા 6 લોકોનાં મોત થયાં હતાં અને અન્ય 30 લોકો ઘાયલ થયા હતા. એમ પોલીસે જણાવ્યું હતું.

પોલીસની માહિતી મુજબ, આ અકસ્માત સવારે આશરે 5:15 વાગ્યે થયો હતો, જ્યારે ટ્રેન કરાચીથી પેશાવર જઈ રહી હતી.

રહેમાન બાબા એક્સપ્રેસ મુલતાનમાં શેર શાહ બ્રિજ નજીક પાટા પરથી ઊતરી ગઈ હતી.

પાકિસ્તાન રેલવેના પ્રવક્તા બાબરસલીએ જણાવ્યું હતું કે, ટ્રેનમાં આશરે 500 મુસાફરો સવાર હતા.

ટ્રેન-ડ્રાઇવરના નિવેદનને ટાંકીને તેમણે જણાવ્યું કે, જ્યારે ટ્રેન મુલતાનના શેર શાહ સ્ટેશન પાસેથી પસાર થઈ રહી હતી, ત્યારે તેને અચાનક એક ધક્કો અનુભવાયો, ત્યાર બાદ તેણે બ્રેક લગાવી હતી.

ડ્રાઇવરે જણાવ્યું, "જ્યારે ટ્રેન ઊભી રહી ત્યારે આશરે 14 ડબ્બા પાટા પરથી ઊતરી ગયા હતા."

પ્રવક્તાએ જણાવ્યું કે, ઘાયલોને સારવાર માટે નજીકની હોસ્પિટલોમાં દાખલ કરવામાં આવ્યા હતા, જ્યારે બચાવ ટીમોએ પાટા પરથી ઊતરી ગયેલા ડબ્બામાંથી મુસાફરોને બહાર કાઢવા માટે ઓપરેશન શરૂ કર્યું હતું. પ્રવક્તાએ કહ્યું, "એક મુસાફર એક ડબ્બાની અંદર ફસાયેલો હોવાના અહેવાલ છે. કારણ કે, બચાવ કામદારો તેના સુધી પહોંચવા માટે સંઘર્ષ કરી રહ્યા હતા." પોલીસે જણાવ્યું કે, આ અકસ્માતમાં 6 લોકોનાં મોત થયાં છે અને 40થી વધુ લોકો ઘાયલ થયા છે, સાથે જ ઉમેર્યું કે એક્સપ્રેસના તમામ 14 ડબ્બા બ્રિજ નજીક પાટા પરથી ઊતરી ગયા હતા. બચાવ અને રાહત કામગીરીમાં સહાય કરવા માટે મુલતાનથી એક રાહત ટ્રેન અને મેડિકલ વેન ઘટનાસ્થળે મોકલવામાં આવી હતી.

## દિલ્હી ડાયરી



### ઇન્ડિયા બ્લોકની સુપ્રીમ કોર્ટ તરફ માર્ચ

સોમવારે ઇન્ડિયા બ્લોકના નેતૃત્વમાં કોંગ્રેસની આગેવાની હેઠળના વિરોધ પક્ષોએ પોતાની તાકાતનું જબરદસ્ત શક્તિપ્રદર્શન કર્યું, જે છેલ્લા ત્રણ દિવસમાં દેશ, ખાસ કરીને દિલ્હીના લોકોએ જે જોયું તેનાથી અલગ જ દૃશ્ય હતું. લોકસભામાં વિપક્ષના નેતા અને કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીના નેતૃત્વમાં બ્લોકે મતદાર યાદી સુધારણાની 'સ્પેશિયલ ઇન્ટેન્સિવ રિવિઝન' (એસઆઈઆર) પ્રક્રિયામાં ચૂંટણી પંચ દ્વારા આચરવામાં આવેલી કથિત અનિયમિતતાઓ સામે અરજી દાખલ કરવા માટે કનોટ પ્લેસથી સુપ્રીમ કોર્ટ સુધી માર્ચ કરી. આ દરમિયાન ઊમટી પડેલી ભારે ભીડે મધ્ય દિલ્હીમાં તૈનાત ચુસ્ત પોલીસ બંદોબસ્તને પણ ઝાંખો પાડી

...અનુસંધાન પાના 5 પર

## LTCG ટેક્સ રદ કરવા પર વિચાર કરશે સરકાર : નાણા મંત્રીનો સંકેત

**બજેટ** પૂર્વની ચર્ચાઓમાં LTCG અને STT ટેક્સ અંગે સલાહ-સૂચનો સાંભળવા નાણામંત્રી સીતારામન આતુર

નવી દિલ્હી, તા. ૧૩: ઈક્વિટી રોકાણો પર ટેક્સ કેવી રીતે લાદવામાં આવે છે તે અંગે રોકાણકારો સવાલો ઉઠાવી રહ્યા હોવાથી, નાણા મંત્રી નિર્મલા સીતારામને જણાવ્યું હતું કે, બજેટ પૂર્વની ચર્ચા-વિચારણા દરમિયાન સરકાર લોંગ-ટર્મ કેપિટલ ગેઈન્સ(LTCG) ટેક્સ નાબૂદ કરવા અંગેના મંતવ્યો સાંભળવા આતુર રહેશે. નવી દિલ્હીમાં 'બ્લૂમબર્ગ ન્યૂ ઈકોનોમી ફોરમ' ખાતે બોલતા સીતારામને જણાવ્યું કે આ ચર્ચામાં સિક્યોરિટીઝ ટ્રાન્ઝેક્શન ટેક્સ(STT) અને વિવિધ એસેટ ક્લાસ પર સમાન રીતે ટેક્સ લાદવો જોઈએ કે નહીં તે બાબત પણ આવરી લેવામાં આવી છે. સીતારામને કહ્યું કે, ઈક્વિટી રોકાણો પરના કરવેરાએ દેશી અને વિદેશી બંને રોકાણકારોનું ધ્યાન ખેંચ્યું છે. ચર્ચાઓમાં LTCG ટેક્સ દૂર કરવાની શક્યતા, શેરબજારમાં STTની ભૂમિકા અને શું વિવિધ એસેટ ક્લાસમાં સમાન ટેક્સ નીતિ હોવી જોઈએ કે નહીં તેનો સમાવેશ થાય છે. આગામી બજેટ અંગેની ચર્ચાઓમાં આ મુદ્દો સામેલ થાય તેવી શક્યતા છે, કારણ કે રોકાણકારો તેમના રોકાણ પરના કરવેરા અંગે સતત પ્રશ્નો ઉઠાવી રહ્યા છે. તેમણે વધુમાં ઉમેર્યું, આનાથી ઈક્વિટી શેરોમાં સોદા મોંઘા અને ઓછા આકર્ષક બને છે, જેની વિદેશી મૂડીના પ્રવાહ પર નકારાત્મક અસર પડે છે. LTCG ટેક્સની પ્રક્રિયાઓ અને અનુપાલનને પણ સરળ બનાવશે.

**રૂપિયાની અસ્થિરતા સામે RBIનો પહેરો રહેશે: નિર્મલા સીતારમણ**

## રૂપિયાનું અવમૂલ્યન વૈશ્વિક કારણોસર: નાણામંત્રી

**રિઝર્વ** બેન્ક રૂપિયાનું લેવલ નક્કી કરવા માટે નહીં, પણ અસ્થિરતા રોકવા માટે પ્રયાસો કરી રહી છે

**હાલના** તેના પગલાંઓથી રૂપિયાને ટેકો મળ્યો છે

નવી દિલ્હી, તા. ૧૩(PTI): નાણા મંત્રી નિર્મલા સીતારમણે મંગળવારે જણાવ્યું હતું કે, છેલ્લા દોઢ વર્ષમાં રૂપિયો 'ખૂબ જ નોંધપાત્ર રીતે' ગગડ્યો છે, ત્યારે તેમાં વધુ પડતી અસ્થિરતા રોકવા માટે રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયા(RBI) પોતાના પ્રયાસો ચાલુ રાખશે.

મંત્રીએ જણાવ્યું હતું કે, છેલ્લા દોઢ વર્ષમાં રૂપિયાનું અવમૂલ્યન 'ખૂબ જ નોંધપાત્ર' રહ્યું છે જે મુખ્યત્વે બાહ્ય પડકારોને કારણે થઈ રહ્યું છે. સીતારમણે વધુમાં ઉમેર્યું કે, ''દેશની અંદર, આપણે એ સુનિશ્ચિત કરી રહ્યા છીએ કે આપણે મેક્રોઈકોનોમિક પાયાના સિદ્ધાંતોને મજબૂત રાખીએ... નાણાકીય શિસ્ત એ બાબત નથી જેણે રોકાણકારોને ચિંતામાં મૂકવા જોઈએ. પરંતુ જ્યાં સુધી રૂપિયાનો સવાલ છે, અને જે રીતે તે ડૉલર સામે ઉતાર-ચઢાવ પર પ્રતિક્રિયા આપી રહ્યો છે, હા, ત્યાં જ પડકાર છે, અને અમે તેના પર ધ્યાન આપીશું.''

તેમણે કહ્યું કે ભારતના વિદેશી હૂંડિયામણ ભંડોળ સહિતના મેક્રો-ઈકોનોમિક આધારભૂત પાયા મજબૂત છે અને નિયમનકાર RBI સ્થાનિક ચલણ સ્થિર રહે તે સુનિશ્ચિત કરી રહી છે, છતાં મુખ્યત્વે વૈશ્વિક અનિશ્ચિતતાઓને કારણે રૂપિયો અમેરિકી ડોલર સામે નીચલી સપાટીએ પહોંચ્યો છે. બ્લૂમબર્ગ ન્યૂ ઈકોનોમી ફોરમ ૨૦૨૬માં બોલતા સીતારમણે કહ્યું, મને ખાતરી છે કે રૂપિયો વધુ પડતો અસ્થિર ન બને તે સુનિશ્ચિત કરવા માટે RBI આગળ પણ જરૂરી પગલાં લેશે. સિક્યોરિટીઝ માર્કેટમાં કરવેરાના સરળીકરણ અંગે પૂછવામાં આવતાં નાણામંત્રીએ જણાવ્યું હતું કે, STT(સિક્યોરિટીઝ ટ્રાન્ઝેક્શન ટેક્સ) અને લોન્ગ-ટર્મ કેપિટલ ગેઈન્સ(LTCG) ટેક્સના સરળીકરણ અંગેની ચર્ચા તંદુરસ્ત છે અને તેઓ આ ચર્ચાઓને ધ્યાનપૂર્વક સાંભળશે. રૂપિયા અંગે મંત્રીએ સ્પષ્ટ કર્યું હતું કે RBI પોતાના પગલાં દ્વારા અસ્થિરતા રોકવાનો પ્રયાસ કરી રહી છે, રૂપિયાનું ચોક્કસ લેવલ નક્કી કરવાનો નહીં. મંત્રીએ કહ્યું, ''તેથી,

...અનુસંધાન પાના 5 પર



તા. ૧૩-૧૦-૨૦૨૬નું સુરત શહેરનું **હવામાન**

| | | |
|---|---|---|
| વરસાદ (૧૮.૦૦ કલાક સુધી) | આજનો 0.0 મીમી | મોસમનો ૧૯૮૩ મીમી |
| ઉકાઈ | સપાટી આજની ૩૩૫.૭૭ ફૂટ | આઉટફ્લો ૬૩૬૧ ક્યુસેક |

| તાપમાન | મહત્તમ | લઘુત્તમ | ભેજ |
|---|---|---|---|
| | ૩૮.૧ સે. | ૨૩.૮ સે. | ૭૭% |

## યમનમાં હૂથી નિયંત્રિત ઓઈલ કેન્દ્રો પર સાઉદીના હુમલા

**જાનહાનિ** કે નુકસાનની વિગતો તત્કાળ મળી શકી નહીં

**રિયાધમાં** વળતા સખત હુમલા કરવાની હૂથીઓની ચેતવણી

**કૈરો, તા. ૧૩(AP):** સાઉદી અરેબિયાની આગેવાની હેઠળના ગઠબંધને યેમેનની રાજધાની સનાની પશ્ચિમમાં આવેલા તેલ સંસાધનો પર નવા હવાઈ હુમલા કર્યા છે, તેમ હૂથીઓ સાથે સંકળાયેલ પ્રસારણકર્તા અલ મસિરાહ અને યેમેનની રાજધાનીના રહેવાસીઓએ જણાવ્યું હતું.

આ હુમલાઓ મધ્ય પૂર્વમાં ફેલાઈ રહેલા સંકટમાં એક નવો તીવ્ર ઉછાળો દર્શાવે છે અને ગઠબંધનના પ્રવક્તા દ્વારા રહેવાસીઓને સુરક્ષા માટે તે વિસ્તાર ખાલી કરવાની અપીલ કરવામાં આવ્યા થોડા જ સમય બાદ થયા હતા. સનામાં રહેનારાઓએ વિસ્ફોટોનો અવાજ સાંભળ્યા હોવાનું જણાવ્યું હતું. કયા સંસાધનો પર હુમલો થયો છે તે હજુ સ્પષ્ટ થયું નથી. એક જવલ્લે જ કરાતા નિવેદનમાં, ગઠબંધને હૂથી-નિયંત્રિત રાજધાનીમાં નાગરિકોને સંભવિત હુમલા પહેલા યેમેન ઓઈલ કંપનીની સાઈટ અને તેની આસપાસના સંગ્રહ

...અનુસંધાન પાના 5 પર

## લડાખના સ્થળોના ભારતીય નામો અપાતા ચીન અકળાયું

**ચીને** આ પ્રદેશો પર પોતાનો દાવો દોહરાવ્યો

**ભારતે** લડાખના સરહદી અને સંવેદનશીલ વિસ્તારોના અધિકૃત નામ જાહેર કર્યા હતા; ચીને આ પગલાંને ગેરકાનૂની ગણાવી નકારી કાઢ્યું



બીજિંગ, તા. 13 (પીટીઆઈ): ચીને મંગળવારે લડાખમાં આવેલા 25થી વધુ વ્યૂહાત્મક સ્થળો અને ભૌગોલિક વિસ્તારોને પ્રમાણભૂત નામો આપવાના ભારતના નિર્ણયનો આકરો વિરોધ કર્યો છે અને દાવો કર્યો છે કે આ તમામ વિસ્તારો તેના પોતાના છે. ચીનના વિદેશ મંત્રાલયના પ્રવક્તા માઓ નિંગે બીજિંગમાં એક પત્રકાર પરિષદને સંબોધતા કહ્યું હતું કે, ચીને ક્યારેય ભારત દ્વારા એકતરફી અને ગેરકાનૂની રીતે સ્થાપિત કરવામાં

...અનુસંધાન પાના 5 પર

### ચીનના વિરોધને ભારતે ફગાવ્યો, કહ્યું- લડાખ દેશનો 'અવિભાજ્ય અંગ' છે

**નવી દિલ્હી, તા. 13 (પીટીઆઈ):** લડાખમાં આવેલા 28 વ્યૂહાત્મક સ્થળોના પ્રમાણભૂત નામો જાહેર કરવાના પગલા સામે ચીને નોંધાવેલા વિરોધને ભારતે મંગળવારે સખત શબ્દોમાં ફગાવી દીધો છે. ભારતે સ્પષ્ટપણે પુનરોચ્ચાર કર્યો છે કે કેન્દ્રશાસિત પ્રદેશ લડાખ

...અનુસંધાન પાના 5 પર

## બિહારમાં ગંગા નદીમાં હોડી પલટતાં ૧૦નાં મોત

**ભોજમાં** સામેલ થવા જઈ રહેલા લોકોની નાવ રાઘોપુર પાસે ડૂબી

**રાતના** અંધારા વચ્ચે ગંગાના ઊંડા પાણીમાં લાપતા લોકોની શોધખોળ

પટના, તા. 13: બિહારના વૈશાલી જિલ્લાના રાઘોપુર સ્થિત રામપુર ખાતે ગંગા નદીમાં એક ગંભીર દુર્ઘટના સર્જાઈ છે, જ્યાં અંદાજે 20 યુવકો અને બાળકોને લઈને જઈ રહેલી એક હોડી અચાનક પલટી ગઈ હતી. આ અકસ્માતમાં અત્યાર સુધીમાં 10 મૃતદેહો બહાર કાઢવામાં આવ્યા છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, નાવમાં સવાર તમામ લોકો હિન્દુ રીતિ-રિવાજો મુજબ યોજાનાર એક ભોજમાં સામેલ થવા માટે જઈ રહ્યા હતા. આ ભોજ ભગતમાન ટોલામાં સિંહેશ્વર રાયના ઘરે માતા મહારાણી સ્થાન પાસે યોજાયો હતો.

આ દુર્ઘટના મંગળવારે રાત્રે આશરે 8:30 વાગ્યે થઈ હતી. નાવ પલટતા જ ઘટનાસ્થળે ભારે નાસભાગ અને અફરા-તફરી મચી ગઈ હતી. કેટલાક લોકો તરીને બહાર નીકળવામાં સફળ રહ્યા હતા, જ્યારે અનેક લોકો પાણીમાં ડૂબી ગયા હતા. પ્રાથમિક તપાસમાં નાવનું સંતુલન બગડવાને

...અનુસંધાન પાના 5 પર